## જન્મદિને વધામણી



**નિકેશ બ્રહ્મભટ્ટ**
પત્રકાર
ગાંધીનગર સમાચાર
મો. ૮૪૦૧૩ ૪૫૭૦૦



**નીરૂબા જે જાડેજા**
કાર્યાલય મંત્રી, શ્રી ગાંધીનગર રાજપૂત મહિલા મંડળ



**મ્રીનાંક નીરવ દવે**
મો. ૯૪૨૭૩ ૦૦૪૧૯



**શિલ્પાબેન એ પટેલ**
સ્વર્ણિમ સ્પોર્ટ્સ યુનિવર્સિટી
મો. ૯૪૦૮૬ ૫૪૫૯૨



**નૂપુર દિપકભાઈ પ્રજાપતિ**
મો. ૯૮૨૫૩ ૬૫૪૨૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ વિધાનસભાની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૪
સૅક્ટર-૫ ખાતે સ્થિત પ્રેરણા વિદ્યાલયના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ગઈકાલે વિધાનસભા ગૃહની મુલાકાત લીધી હતી.

વિદ્યાર્થીઓના અભ્યાસક્રમમાં આવતા એકમ અંતર્ગત તેમને વાસ્તવિક જ્ઞાન મળી રહે તે હેતુથી આ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ સાથે શિક્ષકગણ પણ આ મુલાકાતમાં જોડાયો હતો.

વિધાનસભા ગૃહમાં થતી કાર્યવાહી ઉપરાંત સત્તાપક્ષ અને વિરોધ પક્ષની બેઠક વ્યવસ્થા તેમજ અધ્યક્ષીય કાર્યવાહીનું પણ વિદ્યાર્થીઓએ બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું તેમજ ધારાસભ્યો દ્વારા પૂછાતા પ્રશ્નો અને ગૃહની કાર્યવાહી અંગે પણ માહિતી મેળવી હતી.

આ ઉપરાંત વિદ્યાર્થીઓએ વિધાનસભા પ્રાંગણમાં રાખવામાં આવેલી મહાત્મા ગાંધી, સરદાર પટેલ તથા અન્ય વિભૂતિઓની પ્રતિમાઓ અને પ્રદર્શન પણ નિહાળ્યું હતું.

# જલારામ ધામ ખાતે સોમવારે પૂજન-આરતી

ગાંધીનગર, તા. ૪
જલારામ સેવા સમાજ ગાંધીનગર દ્વારા આગામી તા. ૭મી માર્ચને સોમવાર ને શિવરાત્રીના રોજ સેક્ટર-૨૯ જલારામ ધામ ખાતે પૂજન-આરતીનું આયોજન કરવામાં આવ્યું છે.

મહાશિવરાત્રીના પુનિત અવસરે ભગવાન રામેશ્વર મહાદેવની નિશ્રામાં સવારે ૭.૦૦ કલાકે મૂર્તિ દાતા જે.ટી. અખાણીના હસ્તે શિવ પૂજનનો પ્રારંભ કરાશે. સવારના ૭.૦૦ થી સાંજના ૫.૦૦ કલાક દરમિયાન શિવમંદિરે બીલીપત્રનો અભિષેક થશે. આ દરમિયાન પેથાપુરના ટેકચંદભાઈ ઠકકરના નિવાસસ્થાન ૧૯-બંસરી બંગલો ખાતેથી શોભાયાત્રા નીકળી જલારામ મંદિર પહોંચશે. જલારામ સેવા સમાજના તમામ સભ્યોને તથા નગરના ભાવિક ભકતોને લાભ લેવા સમાજના પ્રમુખ જીતેન્દ્રકુમાર સેજાણી, મંત્રી સેવંતીલાલ ઠકકરે જણાવ્યું છે.

# મુખ્યમંત્રીશ્રીની વિધાનસભામાં મુલાકાતે ગાંધીનગર-મોટેરાની શાળાનાં બાળકો



મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની ગાંધીનગર-મોટેરાની દિલ્હી પબ્લિક સ્કૂલ, ડિવાઈન ચાઈલ્ડ અને પોદ્દાર ઈન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓએ વિધાનસભા પોડિયમમાં મુલાકાત લીધી હતી. આ શાળાના બાળકો વિધાનસભાગૃહની કાર્યવાહી નિહાળવા આજે આવ્યા હતા. આ બાળકોએ મોટેરા ગામમાં મેરા મોટેરા-સ્વચ્છ મોટેરાના સંકલ્પ સાથે સ્વચ્છતા-સફાઈ અભિયાનમાં સ્વૈચ્છિક યોગદાન આપ્યું છે તેની વિગતો જાણી મુખ્યમંત્રીશ્રીએ કલીન ઈન્ડિયા મુવમેન્ટમાં સક્રિય ભૂમિકા માટે આ બાળકોને અભિનંદન પાઠવ્યા હતા.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
જય ગંગાજલ
૧૨.૩૦, ૩.૩૦
૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
લંડન હૅઝ ફોલન (અંગ્રજી)
૨.૦૦, ૬.૦૦, ૧૦.૦૦
લંડન હૅઝ ફોલન (હિન્દી)
૧૨.૦૦, ૪.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
ઝુબાન
૨.૩૦, ૧૦.૦૦
ફિલ્લમ (ગુજરાતી)
૫.૦૦

**સ્ક્રીન-૫**
નીરજા
૧.૦૦, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
જય ગંગાજલ
સવારે ૧૦.૦૦

# કે. કે. પટેલ વિદ્યાલય ખાતે વિદ્યાર્થી શુભેરછા સમારોહ





વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા સફળતા મેળવે, પરીક્ષા માટે તેમનો આત્મવિશ્વાસ કેળવાય હેતુસર કે કે પટેલ વિદ્યાલય, કોલવડા ખાતે શાળાના આચાર્યા શ્રીમતી ભાવનાબા એ.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ગાયત્રીયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગાયત્રી પરિવારના વરિષ્ઠ બી.એસ.ઠક્કર, વ્યાસભાઈ તથા જશુબેન ઠક્કર દ્વારા ત્રણ કુંડીય હવનનું આધ્યાત્મીક કાર્ય સંપન્ન કરાવવામાં આવ્યું હતું. દરેક વિદ્યાર્થી તથા સ્ટાફ પરિવારે આ યજ્ઞમાં આહૂતિ આપી હતી.

આ પ્રસંગે ધોરણ-૧૨ તથા ૧૦ના વિદ્યાર્થીઓ માટે આયોજિત શુભેચ્છા સમારંભમાં કોલવડા કેળવણી મંડળના મંત્રી છત્રસિંહ વાઘેલા, પૂર્વ સુપરવાઈઝર ચીનુભાઈ પટેલ મહેમાનપદે હાજર રહ્યા હતા. આચાર્યાએ વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષામાં જવલંત સફળતા મેળવી અભ્યાસની સીડીનું પ્રથમ પગથિયુ પાર કરે તેવી અંતઃકરણ પૂર્ણ શુભેરછા પાઠવી આશીવાદ આપ્યા હતા. મંત્રીએ તેમના પ્રવચનમાં આત્મવિશ્વાસથી વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા મેળવવાની શીખ આપી શુભેરછા પાઠવી હતી. ચીનુભાઈ પટેલે વિદ્યાર્થીઓને ભણતર સાથે ચણતરની પણ માહિતી આપી હતી. શાળાએ વિદાયગીત તથા દરેક પરીક્ષાર્થી માટે અલ્પાહારની વ્યવસ્થા કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક બાબુભાઈ પ્રજાપતિ, નારાયણભાઈ પટેલ તથા પ્રવિણાબેન પ્રજાપતિ એ કર્યું હતું. આભારવિધિ ગિરીશભાઈ પટેલે કરી હતી. સમગ્ર શાળા-પરિવારે ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.



પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં કાર્યરત જિલ્લા સ્ત્રી સશકિતકરણ વિભાગ દ્વારા વિમન્સ ડે નિમિત્તે સ્ત્રી સશકિતકરણ અંતર્ગત સલામતીમાં જ સુરક્ષા વિષય પર વ્યાખ્યાન અને ડેમોસ્ટ્રેશન રજુ કરાયું હતું. જેમાં વિદ્યાર્થીઓને મહિલા હેલ્પ લાઈન અંગેની જાણકારી, સલામતી-સુરક્ષા અંગેની જાણકારી આપીને પ્રેકટીકલ ડેમોસ્ટ્રેશન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા સ્ત્રી સશકિતકરણના અધિકારી અંજનાબેન નિમાવત, મહાવીરસિંહ નિમાવત, પીએસઆઈ શાંતાબેન ચૌધરી, આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. લીનાબેન સ્વાદિયાએ કર્યું હતું.

# શ્રી જયપ્રકાશ વિદ્યાલય ખાતે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવાયો



ગાંધીનગર, તા. ૪
સૅક્ટર-૨૬માં સ્થિત શ્રી જયપ્રકાશ વિદ્યાલય ખાતે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિત્તે ઉજવણી હાથ ધરવામાં આવી હતી, જેમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના વિજ્ઞાન શિક્ષક શરદભાઈ પટેલે રેલીનું આયોજન કર્યું હતું. વિદ્યાર્થીઓએ સચિનભાઈની મદદથી વિવિધ બૅનર્સ અને ચાર્ટ્સ બનાવ્યા હતા.

રેલીમાં વિદ્યાર્થીઓએ વિજ્ઞાન અને સર્વ કલ્યાણનાં સૂત્રો તથા વિજ્ઞાનનો સમજપૂર્વક ઉપયોગ માનવ જીવનને કલ્યાણના માર્ગે દોરી જશે તે અંગે વિદ્યાર્થીઓને સમજ પૂરી પાડવામાં આવી હતી. રેલી સૅક્ટરના માર્ગે પર ફરીને પરત ફરી હતી.

સમગ્ર કાર્યક્રમના આયોજનમાં શિક્ષક ગણે સહકાર આપીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. શાળાના આચાર્ય આર એન ઉપાધ્યાયે સમગ્ર વિદ્યાર્થીગણ તથા શિક્ષકોને આ ઉમદા કાર્ય બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# અશ્વિનભાઈ કૉમર્સ કૉલેજનો વાર્ષિક દિન ઉજવાયો





કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા ૧૪મા વાર્ષિક દિવસની ઉજવણી ખીમજી વિશ્રામ હૉલ ખાતે આયોજિત કરવામાં આવી હતી.

રાજયના ઍનઍસઍસ સંયોજક કમલકુમાર કર આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના ચૅરમૅન ડૉ. કનુભાઈ પટેલ, અન્ય સંસ્થાના આચાર્યો તથા જ્યાં-જ્યાં કૉલેજ દ્વારા ઍનઍસઍસ કૅમ્પ યોજવામાં આવ્યા હતા તે ગામના સરપંચ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાસંગિક ઉદ્બોધન પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝાએ કર્યું હતું. મુખ્ય મહેમાને કૉલેજની ઍનઍસઍસ પ્રવૃત્તિઓને બિરદાવી હતી તથા કૉલેજના ઍનઍસઍસ સંયોજક ડૉ. રણછોડ રથવીના અથાગ પરિશ્રમને વિવિધ સંસ્મરણો સાથે વાગોળ્યો હતો. અગ્રણી શિક્ષણવિદ ડૉ. હેમંત ત્રિવેદીએ ફાઈનલ યરના વિદ્યાર્થીઓને સફળતા મેળવવા માટે ઉપયોગી ટીપ્સ ઉદાહરણ સહિત આપી હતી અને ચોક્કસ ધ્યેય સાથે આગળ વધવા અનુરોધ કર્યો હતો.

વર્ષ દરમ્યાન શિક્ષણ ઉપરાંત વિવિધ પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેનારા વિદ્યાર્થીઓને ટ્રૉફી અને સન્માનપત્રથી નવાજવામાં આવ્યા હતા. અંત ભાગમાં થર્ડ યરના વિદ્યાર્થીઓએ પોતાનાં કૉલેજ સાથેનાં સંસ્મરણો વાગોળ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન પ્રા. કૃપા ભટ્ટ અને નીના ગણેશને સંભાળ્યું હતું. આભારવિધિ પ્રા. મેહુલ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

# પરીક્ષા પર્વ : અપેક્ષિતમાંથી નીકળતા અગત્યના સવાલો

ભર વસંતમાં પરીક્ષાની મોસમ પૂરબહાર ખીલી છે. દરેક પોતાની સમજણ અને લાગણીને પરિણામમાં પૂરવા માગે છે. પરીક્ષો કની છે, થાય છે આખા ઘરની. નાનું છોકરું પણ સમજી શકે તેવા સંવાદો અને માહોલથી ઘરની દિવાલો ખચોખચ છે. પરીક્ષાના પડઘમ વાગતાંની સાથે જ ટીવી, ચૅનલો સાથે સંપૂર્ણ ચૂપ થઈ ગયાં છે. ઍલસીડી અને ઍલઈડીના જમાનામાં માળિયા પર મૂકવાની પ્રથામાં પ્રસંગોપાત ફેરફાર આવ્યો છે, ડિશ રિચાર્જ નહીં કરાવાતાં ટીવી ખામોશ છે. પરીક્ષા એકની છે, પણ ઘરના તમામ સભ્યો ટીવીનો ઉપવાસ કરી રહ્યા છે.

વર્ષ દરમિયાન ખાસ આ પ્રસંગ માટે બચાવેલી રજાઓ ખર્ચાવાની શરૂ થાય છે. વિદ્યાર્થીને બહાર ના ફરવું, રમવું, હરવું. હવે પરીક્ષાના કહેવાતા યજ્ઞમાં તે રોજેરોજ હોમાય છે. વાંચવાના કલાકો નક્કી કરાયા છે, તે ક્યારે તે સમય નક્કી છે. શું ખાવું, કેવું ખાવું, ક્યારે ખાવું એ સમય પત્રકનો વિષય છે. યાદશક્તિ વધે તે માન્યતામાં કેટકી ફાકી નિયમિત આપવામાં આવે છે. બધું જ ઘરના વડીલના જાહેરનામાના ફરમાન નીચે થઈ રહ્યું છે.



પરીક્ષાને હજુ નજીક તો આવવા દો. પછી જુઓ કેવો મજાનોંગ રંગાય છે. વહેવારમાં તદ્દન નવો કહી શકાય તેવો 'પૅન શુભેચ્છા' થોડાં વર્ષોથી ઘૂસ્યો છે. ઘણાં ઘરોમાં પોતાનાં ઓળખીતાં, સગા-સંબંધીમાંથી કોનાં બાળકો બોર્ડની પરીક્ષા આપવાનાં છે તેની યાદી થશે અને એક મજાની પેન સાથે આખું કુટુંબ શુભેચ્છા આપવા માટે એક ઘરથી બીજા ઘર સુધી લંબાતું હશે. અને વાંચવામાં માંડ મન ઠરાવેલ, બોર્ડની પરીક્ષાના અભ્યાસમાં મશગૂલ છોકરા કે છોકરીને ચાલુ અભ્યાસમાં બૂમ મારીને બોલાવવામાં આવશે.

પરીક્ષા જીવનમાં કેવી અગત્યની છે, તારાં મા-બાપની કેવી અપેક્ષાઓ છે... વગેરે જેવી અઢળક વિગતોને સમાવતું દિક્ષાંત જેવું ભાષણ પેલા ભણવામાં લાગેલા કાનમાં પૂરવામાં આવશે. આવા એક હિતેચ્છુ ગયાની કળ ના વળી હોય ત્યાં પાછા બીજા ટપકી પડશે ને 'કૅર'ના નામે કાળો કેર થતો રહેશે.

જમાના સાથે એક ફેરફાર નજરે પડ્યો છે. પહેલાં વિદ્યાર્થીઓને ધમકાવીને વંચાવવામાં આવતું, હવે એમ નથી થતું. પરંતુ હવે વધારે પડતી અપેક્ષાઓ વિદ્યાર્થીના માથા પર ખડકીને તેને છૂપું દબાણ આપવામાં આવે છે, એ વધુ ઘાતક છે. નાની-નાની તમામ હરકતો દેખાય નહિ તે રીતે પરીક્ષાર્થીના દિલોદિમાગમાં પહોંચતી હોય છે. એક બાજુ તે પોતાની ક્ષમતા જાણે છે અને તેમાં ક્ષમતા કરતાં વધુ અપેક્ષાઓના ભારણમાં તે પરીક્ષા પહેલાં દબાણમાં મૂકાય છે. સીધો ઠપકો કે ઉપદેશ જે દબાણ ના કરે તેના કરતાં કેટલાય વધુ પ્રમાણમાં 'ઈનડાયરેક્ટ' હરકતો દબાણ સર્જે છે ને લાડકવાયો પ્રેશર કૂકરની સ્થિતિમાં મૂકાઈ જાય છે.

બની શકે કે આ તેની પહેલી પરીક્ષા હશે, પણ છેલ્લી ખરી ? આ પરીક્ષામાં આવેલા માર્ક્સ એ આખી જિંદગીનું મૂલ્યાંકન છે ? ફરી વધુ સારા માર્ક્સ સાથે આગળ આવનારી પરીક્ષા નહીં હોય ? આ સવાલના જવાબ 'ના' હોય તો પરીક્ષાને ભારેખમ ગણી, પરીક્ષાર્થીને દબાણમાં શા માટે મૂકો છો ?

તમે પરીક્ષાર્થી એવા તમારા પાલ્યની અંદરની વાત સમજશો તો વાતમાં કોઈ સમસ્યા જ નહીં રહે. વિદ્યાર્થી ઈચ્છે છે કે તેની પરીક્ષા વધુ પડતી ના થાય, ઘરના સભ્યો તેને દબાણ ન આપે, તેને સાહજિક રીતે ક્ષમતા મુજબ અભ્યાસ કરવા દેવાય.

આપણે તેના દિલ સુધી સંદેશ પહોંચાડવાનો છે કે, 'બેટા, તું તારાથી થાય તેવો પ્રયાસ કર, પણ ચિંતા કરવાની જરૂર નથી. સચિન ડૉક્ટર ન બની શક્યો પરંતુ તોય 'ભારત રત્ન' તો મેળવી જ શક્યો.'

કપરી ગણાતી કે બનેલી પરીક્ષાની સ્થિતિમાં વાલી તરીકેનો આપણો હકારાત્મક રોલ આપણા પાલ્યને મળે તો સોનામાં સુગંધ ભળે, ત્યારે આ જીવન સામે નાની અમથી પરીક્ષા શું ચીજ છે ? પરીક્ષા ભાર, તણાવ વિના સાહજિક, એક આનંદમાં જરૂર વિતી શકે છે, જો વિદ્યાર્થીની સ્થિતિમાં આપણી જાતને મૂકીએ તો....!!!

**- વિનયગિરિ ગોસાઈ**

# ફાયરસેફ વર્લ્ડ દ્વારા ૧૦ માર્ચના રોજ ફાયર-સેફ્ટી અંગેનો સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા. ૪
ફાયર અને સેફ્ટી અંગેનો એક દિવસનો સેમિનાર ફાયરસેફ વર્લ્ડ મેગેઝિન દ્વારા તા. ૧૦ માર્ચ, ૨૦૧૬નાં રોજ યોજવામાં આવ્યો છે. રાષ્ટ્રીય સુરક્ષા દિનની ઉજવણીના ભાગરૂપે યોજાઈ રહેલા આ સેમિનારમાં ફાયર સર્વિસ, સેફ્ટી, સ્વાસ્થ્ય અને પર્યાવરણ, સંબંધિત કાયદાઓ અને તે કાયદોની ઉદ્યોગમાં સુરક્ષિત ઉત્પાદન પ્રવૃત્તિઓમાં ભૂમિકા વગેરે જેવા તમામ મુદ્દાઓને વિવિધ તજજ્ઞો દ્વારા આવરી લેવામાં આવશે.

સેફ્ટીને સંપૂર્ણપણે સમર્પિત ફાયરસેફ વર્લ્ડ માસિક દ્વારા તા. ૧૦ માર્ચ, ૨૦૧૬નાં રોજ મહાત્મા ગાંધી લેબર ઈન્સ્ટિટ્યુટ ખાતે આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારને ગુજરાત સરકારનાં ડાયરેક્ટરેટ ઓફ ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ, ફાયર એન્ડ સિકયોરિટી એસોસિએશન ઓફ ઈન્ડિયા, ગુજરાત ચેપ્ટર અને ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન (જીએસપીસી) લિ. ગાંધીનગરનો સહયોગ સાંપડ્યો છે.

આ સેમિનાર અંગેની વિગતો આપતા ફાયરસેફ વર્લ્ડનાં એક્ઝિક્યુટિવ એડિટર શ્રી કે એન કે મૂર્તિએ તેમના વિઝન ડોક્યુમેન્ટને રજૂ કરીને માનવસર્જિત અકસ્માત મુક્ત વિશ્વ દૂર નથી તેમ જણાવ્યું હતું. આ માટે સેફ્ટી અંગે લોકોમાં સભાનતા કેળવવાની અને કાયદાઓમાં હકારાત્મક સુધારણાઓ તેમજ અત્યાધુનિક તંત્રશેલી લાવવાની જરૂરિયાત પર ભાર મુક્યો હતો.